**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૧૬ ટકા

# શહેરમાં પ્લાસ્ટિક કચરો ઉપાડવાનું અભિયાન

## નિસર્ગ સાયન્સ દ્વારા આત્મન ફાઉન્ડેશન અને હેપ્પી યુથ કલબના સંયુકત ઉપક્રમે જીપીસીબીના સહયોગથી અભિયાન યોજાયું : કોબા માર્ગ પરથી પ્લાસ્ટિક કચરો ઉપાડવા મેયર પણ જોડાયા








ગાંધીનગર, તા.૨૩

સમગ્ર વિશ્વમાં ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવાય છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા ચાલુ વર્ષે વિશ્વ પર્યાવરણ દિનનું યજમાનપદ ભારતને આપવામાં આવ્યું છે તેથી સમગ્ર ભારતમાં આ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ પ્રકારના કાર્યક્રમનો આરંભ થઈ ચુકયો છે. આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિનની થીમ 'પ્લાસ્ટીક પ્રદુષણ પર અંકુશ મેળવીએ' જાહેર થયેલ છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે થીમ આધારિત વિવિધ કાર્યક્રમોના આયોજનથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, નિસર્ગ સાયન્સ સેન્ટર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરીના સંયુકત ઉપક્રમે આજે સવારે ૭ થી ૯ કલાક દરમિયાન રક્ષા શકિત સર્કલથી કોબા સર્કલ સુધીના માર્ગની આસપાસ ફેલાયેલ પ્લાસ્ટિક કચરો ઉપાડવાનું અભિયાન-કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, જીપીસીબીના આરઓ ડી.સી. વાંકાણી, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર, અલ્પાબેન ઠકકર, એસ.આર. પટેલ, આત્મન સંસ્થાના પ્રજ્ઞાબેન પટેલ, હેપ્પી યુથ કલબના પ્રમુખ સમીરભાઈ રામી અને સભ્યો હરપાલસિંહ ઝાલા, વિજયસિંહ માજીરાણા તથા વિવિધ પર્યાવરણ પ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

કચરો ઉપાડનાર શ્રમિકો દ્વારા તથા વિવિધ પર્યાવરણ પ્રેમી નાગરિકો, જીપીસીબીના અધિકારીઓ દ્વારા તથા સ્વૈચ્છિક સંસ્થાઓના વોલન્ટીર્સ દ્વારા રક્ષા શકિત સર્કલથી કોબા સર્કલ સુધીના માર્ગમાં પડેલ પ્લાસ્ટીક કચરો ઉપાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ટોપ એજયુકેશન ગાંધીનગરમાંથી ૪૦ જેટલા વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સહભાગી થયા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને હાથ-મોજા, ટી શર્ટ, કેપ, માસ્ક તથા કચરો ભરવાની બેગ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં લગભગ ૧૦૦ જેટલા સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, વિવેક મકવાણા અને જીતેન્દ્ર ઠાકોરે ભારે જહેમત ઉઠાવી હતી.

# ચિલોડા પોલીસે પેસેન્જર વાહન મેક્ષમાંથી વિદેશી દારૂ પકડયો

## રાત્રે નાકાબંધી દરમિયાન ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી પોલીસે મેક્ષનો પીછો કરી છાલાથી પકડી : એક ઝડપાયો : ત્રણ ફરાર

ગાંધીનગર, તા.૨૩

હિંમતનગર-ચિલોડા હાઈવે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ ઉપર ગઈ રાત્રે ચિલોડા પોલીસ વાહનચેકીંગ કરી રહી હતી તે દરમિયાન એક પેસેન્જર વાહન મેક્ષ ત્યાંથી પોલીસને જોઈને ભાગી હતી. તેનો પીછો કરી છાલા પાસે કોર્ડન કરીને આ મેક્ષ પકડી પાડી હતી. ચિલોડા પોલીસે રૂ. ૨૬૪૦૦નો વિદેશી દારૂ આ મેક્ષમાંથી જપ્ત કરી લીધો હતો જયારે તેમાં બેઠેલા ચાર શખ્સો પૈકી એક પકડાઈ ગયો હતો જયારે અન્ય ત્રણ અંધારામાં ભાગી ગયા હતા. ચિલોડા પોલીસે રૂ. ૩.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની ટીમ ગઈ રાત્રે ચંદ્રાલા પાસે વાહન ચેકીંગમાં હતી તે દરમિયાન બાતમી વાળી મહિન્દ્રા મેક્ષ ગાડી નં. જીજે ૦૯ એ એચ. ૭૮૬૮ ત્યાંથી પસાર થઈ હતી. રાજસ્થાન ખેરવાડા તરફથી દારૂ ભરીને આવતી આ ગાડી ઉભી રાખવા ઈશારો કરતા ડ્રાઈવરે મેક્ષ ભગાડી મુકી હતી. છાલા પાસે કોર્ડન કરાવી આ ગાડી પકડી પાડવામાં આવી હતી. ગાડીમાંથી ત્રણ શખ્સો ખેતર તરફ અંધારામાં ભાગી ગયા હતા જયારે એક ભગવાન ધનજી ડામોર (રહે. વજેપુરા, વિજયનગર) પકડાઈ ગયો હતો. ગાડીમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની ૪૬ બોટલો તથા




૮૦ બિયરના ટીન મળી કુલ રૂ. ૨૬,૪૦નો દારૂ-બિયર પકડી પાડયો હતો. બે મોબાઈલ, દારૂ-બિયર અને ગાડી મળી કુલ રૂ. ૩,૩૧,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી દેવામાં આવ્યો છે. જયારે ફરાર થઈ ગયેલા ખેરવાડાના અશોક મીણા, વિજયનગરના દિલીપ મનજી ભગોરા અને દિના પરમાર ત્રણેયની ધરપકડ માટે તજવીજ શરુ કરવામાં આવી છે.

# રાંધેજા ચોકડી પાસે બે બોરમાંથી થતા પાણીના વ્યય સામે નાગરિકોમાં રોષ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી તેના આક્રમક મુડમાં આવી ગઈ છે. ઉનાળાને પગલે ઠેર ઠેર પાણીની પોકાર પણ ઉઠવા પામી છે ત્યારે ગાંધીનગરના રાંધેજા ગામ નજીક જુદા જુદા બે સ્થળોએ દરરોજ હજારો લીટર પાણી બોરમાંથી વેડફાઈ જાય છે તેમ છતાં સ્થાનિક વહીવટી તંત્રના કોઈ પદાધિકારી અધિકારીને કંઈ જ પડી નથી પરિણામે સ્થાનિક રહીશોમાં આ પાણીના બગાડને લઈ રોષ ફેલાયો છે અને જવાબદાર તંત્રના અધિકારી સામે આ બેદરકારી માટે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર નજીકના રાંધેજા માણસા માર્ગ પર આવેલા પ્રયોશા કોમ્પ્લેક્ષની સામેના ભાગે છેલ્લા ઘણા સમયથી ખુલ્લી જગ્યાએ જાહેર બોરમાંથી દરરોજ હજારો લીટર પાણી વહી જાય છે અને તેનો રીતસરનો બગાડ થઈ રહ્યો છે. આ ઉપરાંત રાંધેજા-પેથાપુર માર્ગ પર રાંધેજા ચોકડી પર પણ અન્ય બીજા એક બોરમાંથી પણ પાણીનો સતત બગાડ થઈ રહ્યો છે. આ પાણીના બગાડને લઈ સ્થાનિકોએ ઉગ્ર રોષ વ્યકત કર્યો છે અને બેજવાબદાર તંત્રના અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માંગ ઉઠવા પામી છે.

# એલસીબીએ કલોલના પલોડીયામાં દરોડો પાડી ૯ શકુનીઓને પકડયા

## રૂ. ૭૩ હજારના મુદ્દામાલ સાથે નવ જુગારીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા પલોડીયા ગામમાં એલસીબીની ટીમે બાતમીને આધારે દરોડો પાડી ધમધમી રહેલું જુગારધામ પકડી પાડયું હતું. રૂ. ૭૩ હજારના મુદ્દામાલ સાથે એલસીબીએ જુગારધામ કોર્ડન કરી નવ શકુનીઓને દબોચી લીધા હતા. એલસીબીએ તમામ નવ શકુનીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




એલસીબી પી.આઈ. તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમ દારૂ-જુગારની પ્રવૃત્તિઓ સદંતર બંધ કરાવવા દોડી રહી છે ત્યારે તેમની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમિયાન હેડ કોન્સ્ટેબલ મનુજીને ચોકકસ બાતમી મળી હતી કે પલોડીયા ગામમાં નીચેલા વાસમાં કેટલાક શખ્સો જુગારનો અડ્ડો શરુ કરીને જુગાર રમવા બેઠા છે જે આધારે ટીમે દરોડો પાડી શીલજ વચલો વાસમાં રહેતા માનસંગ છના ઠાકોર, રાંચરડાના મેલા રામા ઠાકોર, જીતેન્દ્ર ચંદુ ઠાકોર, થોળના ભરત પ્રહલાદ ઠાકોર, નાંદોલીના મહેન્દ્ર ચંદુ રાઠોડ, પલોડીયાના ગોપલ બુધા ઠાકોર, સુરેશ જીવણ પટેલ, મેમનગરના હર્ષદ બળદેવ ગોસ્વામી અને વિરમગામના રવિ હકા ઠાકોર મળી ૯ શખ્સોને કોર્ડન કરીને એલસીબીની ટીમે જુગાર રમતા રંગે હાથ પકડી પાડયા હતા. રોકડ રૂ. ૭૩ હજાર સાથે તમામ ૯ શકુનીઓની ધરપકડ કરી લઈ એલસીબીએ કડક કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૩ શોપીંગ પાસેના દબાણો પર દબાણ તંત્રનો સફાયો



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મનપાના દબાણ તંત્ર એ આજે શહેરના સેકટર-૩ બગીચા અને શોપીંગ પાસેના કાચા-પાકા દબાણો દૂર કરાવ્યા હતા. દબાણતંત્રની ટીમે બુલડોઝર લઈ દબાણો હટાવી દેતા ઝુંપડાવાસીઓ કલેકટર કચેરીએ પહોંચી ધરણા પર ઉતરી ગયા હતા. તબાણ તંત્રએ દબાણો દૂર કરતા સંખ્યાબંધ પરિવારો ઘર વિહોણા થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરમાં મનપા, આર.એન્ડ.બી. તથા ફોરેસ્ટ તંત્રએ સંયુકત પણે વિશેષ ઝુંબેશ ચલાવી ઠેર ઠેર કાયમી થઈ ગયેલા દબાણોને દૂર કરવા સપાટો બોલાવી રહ્યા છે. છેલ્લા એક માસમાં દબાણતંત્રની જુદી જુદી ટીમોએ કાર્યવાહી કરી સંખ્યાબંધ કાચા-પાકા દબાણો દૂર કરી નાખ્યા છે. આ દબાણ ઝુંબેશ ને લઈ શહેરના સેકટર-૩ શોપીંગ અને બગીચા વિસ્તારની આસપાસના કાચા-પાકા ઝુંપડા પર દબાણ તંત્રએ કાર્યવાહી કરી હતી અને મોટી સંખ્યામાં દબાણો પર સફાયો બોલાવ્યો હતો. સે-૩ શોપીંગના દબાણો દૂર થતા ઝુંપડાના રહીશો પોતાની વ્યથા લઈ ધારાસભ્ય સી.જે.ચાવડાની આગેવાનીમાં કલેકટર કચેરી પહોંચી ગયા હતા અને ત્યાં જ ધરણા પર બેસી ગયા હતા.

# આકરી ગરમીથી માર્ગો પર ભારવાહક વાહનોની હાલત કફોડી

## સમયસર સામાન પહોંચાડવા સતત કાર્યરત રહેતા વાહનો ગરમ થઈ બંધ પડવા લાગ્યા : ગરમીથી એન્જીન, ટાયર તથા વાયરોને ગંભીર અસરો

ગાંધીનગર, તા.૨૩

ઉનાળો તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. જેમાં ગરમીની જનજીવન ઉપર વ્યાપક અસરો થઈ છે. ધોમધખતા તાપમાં પણ માલસામાન વહન કરતા વાહનોને પણ અસરો થતાં બંધ થવા લાગ્યા છે. રાજયના મુખ્ય માર્ગો ઉપર હાલમાં ખોટકાઈ પડેલા અનેક વાહનો નજરે પડી રહ્યા છે. સમયસર માલસામાન પહોંચતા કરવા સતત દોડતા રહેતા આ વાહનો વધુ ગરમ થઈ જતાં અટકી રહ્યા છે. વાહનોમાં ગરમીથી એન્જીન, ટાયર તથા વાયરીંગને વધુ અસર થતી હોય છે જેથી વાહનચાલક પણ આ સ્થિતિમાં લાચાર બન્યા છે.

ધગધગતી ગરમીથી માર્ગો ઉપરના ડામર પણ પીગળવા લાગ્યા છે ત્યારે આજ માર્ગો ઉપર દિવસ રાત માલ સામાનની હેરાફેરી કરતા ભારવાહક મોટા વાહન પણ ગરમી સામે ઘુંટણીયે પડી ગયા છે. ધોમધખતા તાપથી માર્ગો ગરમીથી તતડી ઉઠયા છે જેમાં સતત દોડતા રહેતા માલસામાનના ભાર સાથેના વાહનોના એન્જીન ગરમ થઈ બંધ થઈ જવાના બનાવો માર્ગો ઉપર જોવા મળી રહ્યા છે. અતિશય વજનના કારણે વાહનના એન્જીનને તાકાત વધારે કરવી પડે છે જેમાં બહારની ગરમી અને અંદરના પાર્ટસ પણ ગરમ જેથી એન્જીન અતિશય ગરમી થઈ કામ કરતું બંધ થઈ ખોટકાઈ પડે છે જે વાહનચાલક સમજી શકે છે પરંતુ ગરમી સામે લાચાર બને છે.

ઘણી વખત માર્ગ ઉપર દોડતા વાહનોમાં ગરમીથી વાયરીંગ બળી જવાની ઘટના પણ બને છે તેમજ અતિશય ગરમ માર્ગો થકી ટાયર ફાટી જવાના કિસ્સા પણ સામે આવ્યા છે. વાહનની ગરમી, બહારની ગરમી થકી વાહનચાલક પણ મુર્છીત થઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે છતાં સમયસર માલ સામાન પહોંચતો કરવાની ઉતાવળમાં અનિચ્છનીય ઘટનાનો શિકાર થવાની શકયતા પણ વધી જાય છે. જો કે આ ગરમીમાં રાત્રીએ માલ સામાનની હેરાફેરી કરવી એ શ્રેષ્ઠ સમય ગણાઈ રહ્યો છે તો કયારેક અમુક સમયના વિરામ લેવા એ પણ યોગ્ય ઉપાય બન્યો છે. આમ ગરમી માનવજીવન સહિત નિર્જીવ ચીજવસ્તુઓ ઉપર પણ ગંભીર અસરો કરી રહી છે.



## વાતવાતમાં

● સે-૧૬માં પાટનગર યોજના ભવન પાછળના માઈક્રો શોપીંગ સેન્ટર સામેના ભાગમાં ગટરના દૂષિત પાણીનો ભરાવો અને કચરાના ઢગ ખડકાયેલા હોવાથી સ્થાનિક રહીશો તથા વેપારીઓએ તંત્રને અનેક રજૂઆતો કરી પરંતુ હજુ સુધી કોઈ પગલાં લેવાયા નથી. આ શોપીંગ સેન્ટર સહિત નજીકમાં જ ખાણીપીણીની દુકાનો હોવાથી ગંદકીના કારણે રોગચાળો ફેલાવાની દહેશત સ્થાનિક નાગરિકો વ્યકત કરી રહ્યા છે.

● શહેરમાં હજુ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધો-૧૦ના બોર્ડના પરિણામ જાહેર થવાના બાકી છે. જો કે આ પરિણામો નજીકમાં જ હોવાથી શહેરના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓના મોબાઈલ પર ટયુશન કલાસીસ દ્વારા મેસેજીસ થકી જાહેરાતોનો મારો ચલાવાઈ રહ્યો છે.

● છાલા ગામની સીમમાં એક સંયુકત પરિવારની જમીન છે. વિખવાદમાં પડેલી જમીન પર કબ્જેદારોએ જમીનના વિધવા મહિલા સહ દાવેદારની સંમતિ અંગે ખોટા અંગુઠાની છાપ કરી બેંકમાંથી લોન મેળવી હોવાની છેતરપીંડીની ફરિયાદ વિધવા મહિલાએ કરી છે. આ જમીનનો માલિકી હક્ક પડતો મુકવા આરોપીઓએ તેમને મારી નાંખવાની ધમકી આપી હોવાથી વિધવાને અમદાવાદ રહેતી દિકરીના ઘરે રહેવા જતા રહેવું પડયું છે તેવો દાવો ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

## શહેરમાં હેલ્ધી કુકીંગ વર્કશોપમાં શેફ હીના ગૌતમ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા તા. ૩૦મી મેના રોજ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન સેકટર-૧૨ના ડૉ. આંબેડકર હોલ ખાતે હેલ્ધી કુકીંગ વર્કશોપ અને હાઉસી રમતનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જાણીતા સેલીબ્રીટી શેફ હીના ગૌતમ ઉપસ્થિત રહી હેલ્ધી કુકીંગ અંગે માર્ગદર્શન પુરું પાડશે અને નવી રેસીપીઓ શિખવાડશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા શહેરની ગૃહિણીઓને કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા અનુરોધ કરાયો છે. કાર્યક્રમમાં ભાગ લેવા નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવવું જરુરી છે જે માટે હર્ષાબા ધાંધલનો મો.નં. ૮૪૦૧૯૦૨૩૩૫ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

## સે-૨૮ના કન્યા છાત્રાલયમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સેકટર-૨૮માં સરદાર પટેલ કન્યા કેળવણી ટ્રસ્ટ દ્વારા સંચાલિત કન્યા છાત્રાલયમાં શાળા કોલેજમાં અભ્યાસ કરતી દિકરીઓને જૂજ સંખ્યામાં પ્રવેશ મળી શકશે. આ કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ભરીનો સેકટર-૨૮ જીઆઈડીસીમાં પ્લોટ નં. ૩૧૨ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન જમા કરાવી દેવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એન.પી. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. સમજુબેન બચુભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. શારદાબેન બાબુજી ઠાકોર, ઉ.વ. ૩૮
- સ્વ. લક્ષ્મીબેન રામજીભાઈ પટેલ, ઉ.વ. ૭૫
- સ્વ. સોનીબેન બાલાભાઈ પરમાર, ઉ.વ. ૭૫